# માનવ જીવનમાં સદગુરુનું સ્થાન અમૂલ્ય છે

આચમન
બિપિન પટેલ

એક વડીલ પ્રોફેસરે મને એક વાર પૂછ્યું, ‘‘એવું જરૂરી ખરું કે જીવનમાં સદગુરુ હોવા જ જોઈએ?’’ મેં તેમને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું‘‘સર! આપ તો રસાયણશાસ્ત્રના પ્રોફેસર છો અને પીએચ.ડીના માર્ગદર્શક, ગાઈડ પણ છો. આપના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓ સંશોધનાત્મક અભ્યાસ કરીને પીએચ.ડીની ડિગ્રી મેળવતા રહે છે. એ તો સુનિશ્ચિત છે કે તમારા માર્ગદર્શન વિના વિદ્યાર્થી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી શકતો નથી. સર, જરા વિચારીએ તો સમજાશે કે અર્થોપાર્જન માટે જરૂરી શૈક્ષણિક ડિગ્રી મેળવવા માટે જો અધ્યાપક કે શિક્ષકની જરીર પડતી હોય તો કઠિનતમ આધ્યાત્મિક શિક્ષણની પ્રાપ્તિ માટે પણ આધ્યાત્મિક ગુરુ અર્થાત્ સદગુરુની જરૂર તો ખરી! વિદ્યા ઉપાર્જન માટે શિક્ષણપથ પર જેમ શિક્ષક કે અધ્યાપકની જરૂર પડે છે એ જ રીતે પરમતત્ત્વની પ્રાપ્તિ માટેના પરમાર્થપથ- અધ્યાત્મપથ કે સાધનાપથ પર એક સદ્‌ગુરુની જરૂર પડે છે કારણ કે સદગુરુ જ માનવમનમાં પથરાયેલા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જ્ઞાનરૂપી પ્રકાશ પાથરીને માનવીને સાંસારિક બંધનમાંથી મુક્ત કરીને પરમાત્મા તરફ લઈ જાય છે. સર! જીવને માનવતન ભોગ માટે નહીં પરંતુ પરમાત્મા સાથેના યોગ માટે મળ્યું છે. સદગુરુ જ એ યોગ કરાવી શકે છે.’’

એ વડીલ પ્રોફેસરને ગળે મારી વાત કેટલી ઊતરી તે તો હું ન જાણી શક્યો પરંતુ શ્રીરામચરિત માનસમાં એની પુષ્ટિ જોવા મળે છે. ગોસ્વામી તુલસીદાસજી કહે છે.

‘ગુરુ બિન ભવ નિધિ તરઈ ન કોઈ!
જો બિરંચિ શંકર સમ હોઈ!!

સદગુરુની પ્રાપ્તિ વિના કોઈ પણ મનુષ્ય આ સંસાર રૂપી વિકરાળ ભવસાગરને પાર કરી શકે નહીં, ભલે ને તે બ્રહ્માજી અને શંકર સમાન શકિતશાળી કેમ ન હોય!’

આ દિશામાં જરા ગંભીરતાપૂર્વક વિચારીશું તો સમજાશે કે સાંસારિક મોહમાયામાંથી મુક્ત થઈને



પરમાર્થપથ પર આગળ વધવા માટે યોગ્ય જ્ઞાન અને માર્ગદર્શનની જરૂર પડે છે. જે કેવળ એક એવા સદ્‌ગુરુની પાસે જ મળી શકે કે જેઓ એ પરમાર્થપથ પર સફળતાપૂર્વક ચાલ્યા હોય. અર્થાત પરમાર્થપથના પથિક માટે સદગુરુનું હોવું આવશ્યક છે. શ્રીરામચરિતમાનસના પ્રારંભમાં જ તુલસીદાસજી તો કહે છે સદ્‌ગુરુ તો દયાના સાગર સાક્ષાત્ નર રૂપ હરિ જ છે. તેમના ઉપદેશવચનો તો મહામોહરૂપી ઘોર અંધકારનો નાશ કરવા માટે સૂર્યકિરણોના સમૂહ છે! સમગ્ર માનવજાતને સાવધાન કરતાં તેઓ એમ પણ કહે છે કે આ માનવશરીર તો ભવસાગર પાર કરવા

> સાંસારિક મોહમાયામાંથી મુક્ત થઇને પરમાર્થપથ પર આગળ વધવા માટે યોગ્ય જ્ઞાન અને માર્ગદર્શનની જરૂર પડે છે

માટે એક અદ્દભુત નૌકા છે અને સદગુરુ તેના નાવિક છે. ભગવદ્ કૃપાથી આવું દુર્લભ સાધન પ્રાપ્ત કરીને જો કોઈ ભવસાગર પાર ન કરે તો તે કૃતઘ્ની છે. મંદ બુદ્ધિ છે અને તે આત્મહત્યા કરનારની ગતિને પ્રાપ્ત થાય છે. તા. 29-07-2026ના દિવસે ગુરુપૂર્ણિમા આવી રહી છે ત્યારે ગોસ્વામી તુલસીદાસજીના કથન પર આપણે ગંભીરતાપૂર્વક વિચાર કરીએ અને માનવજન્મને કૃતાર્થ કરીએ.

# વંદાઓની સફાઈ

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

આજે બજારમાં જવા નીકળ્યો ને સામે ભગાભાઈ મળ્યા. એમણે મને પૂછ્યું, ‘આજે સવાર-સવારમાં ક્યાં ચાલ્યા, જગાભાઈ?’

મેં કહ્યું, ‘આ વંદા ભગાડવાની દવા અને પંપ લેવા જાઉં છું. ગટરમાં હાલ વંદા ખૂબ ઉભરાય છે.’

આ સાંભળી ભગાભાઈ બોલ્યા, ‘અરે જગાભાઈ, વંદા ઉભરાય એ તો સારું છે, વંદા તો ઘરની લક્ષ્મી કહેવાય અને એ ગટરમાં હોય તો જ ગટરની સફાઈ થાય, તમારો કચરો એ સાફ કરતા રહે છે. દવા છાંટી એમને મારી ન નખાય.’

મેં કહ્યું, ‘એમ?! તો શું કરવું? દિનપ્રતિદિન વંદાનાં ટોળાં વધતાં જ જાય છે.’

‘તો વધવા દો ને! તમને વાંધો શું છે?’

‘અરે, મારી બૈરી ત્રાસી ગઈ છે. એ કહે છે, ‘આજે તો દવા લઈ જ આવો.’’

મેં કહ્યું.

‘અરે જગાભાઈ, પહેલાં તો તમે જ કહેતા હતા કે ઘરમાં મંકોડા વધી ગયા છે અને એને દવા છાંટવાની વાત કરતા હતા. એ મંકોડાનું શું થયું?’

‘ભગાભાઈ, એ મંકોડા તો આ વંદાઓને ક્યાંય ભળી ગયા. બહુ મોટા માથાવાળા મંકોડા હતા. હવે ગટરમાં મંકોડાના બદલે વંદા ઉભરાય છે.’

મેં કહ્યું.

‘ભગાભાઈ, તો વાત એમ છે કે આ વંદાઓએ એ મોટા માથાવાળા મંકોડાઓને પણ ભગાડ્યા,



ખરું ને? ત્યારે તો કમાલ કરી વંદાઓએ!’

‘હા, જગાભાઈ, પણ એ મંકોડા ગયા ને આ વંદા વધ્યા. એનું શું?’

‘જગાભાઈ, કંઈ વાંધો નહીં. વધવા દો. એ જ સફાઈ કરશે. થોડી રાહ તો જુઓ.’

અને હું વંદા ભગાડવાની દવા (સ્પ્રે) લીધા વિના બજારમાંથી પાછો ઘર તરફ ચાલવા માંડ્યો.

વિચાર્યું કે, થોડી રાહ જોઈએ. ભગાભાઈની વાત કંઈ સાવ ખોટી તો નથી જ. પણ હું તો થાકી ગયો હતો. વિચાર્યું કે, આ ભગાભાઈએ તો મારું માથું જ ફેરવી નાખ્યું. ઘેર જઈ મારે ચા

> વંદા ઉભરાય એ તો સારું છે, વંદા તો ઘરની લક્ષ્મી કહેવાય અને એ ગટરમાં હોય તો જ ગટરની સફાઇ થાય, તમારો કચરો એ સાફ કરતા રહે છે

પીવી પડશે.

આ ચા જ બધી તકલીફોનું સમાધાન છે શું?

ચાલો, પી જ લઈએ.

નોંધ:આ માત્ર એક હળવો કટાક્ષ છે. કૃપા કરીને કોઈએ આ લખાણને પોતાની સાથે જોડીને બંધ બેસતી પાઘડી પહેરી લેવી નહીં.

## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૨૭ જુલાઈ થી તા.૨ ઓગસ્ટ ૨૦૨૬



### તા. ૨૭ સોમવાર

અષાઢ સુદ તેરસ, ગુજરાતમાં અલૂણાં -ગૌરી વ્રત,જયાપાર્વતીવ્રત પ્રારંભ

### તા. ૨૮ મંગળવાર

અષાઢ સુદ ચૌદસ, જૈન ચોમાસી ચૌદસ

### તા. ૨૯ બુધવાર

અષાઢ સુદ પૂનમ, ગુરુ પૂર્ણિમા વ્રતની પૂનમ, વ્યાસ પૂર્ણિમા, સંન્યાસીના ચાતુર્માસ, પ્રારંભ, કોકિલા વ્રત, સૌરાષ્ટ્રમાં મોળાકત વ્રતનું જાગરણ, સંત ગુલાબરાવ મહારાજ જયંતી-મહારાષ્ટ્ર.

### તા. 30 ગુરુવાર

અષાઢ વદ એકમ, સૌરાષ્ટ્રમાં મોળાકત વ્રતનાં પારણાં

### તા. ૩૧ શુક્રવાર

અષાઢ વદ બીજ, હિંડોળા પ્રારંભગુજરાતમાં અલૂણાં, ગૌરીવ્રત, જયાપાર્વતી વ્રતનું જાગરણ, પંચક પ્રા. સવારે ૬-૩૯થી.

### તા. ૧ શનિવાર

અષાઢ વદ ત્રીજ, ગુજરાતમાં અલૂણાં - ગૌરી વ્રત,જયાપાર્વતી વ્રતનાં પારણાં, પંચક.

### તા. ૨ રવિવાર,

અષાઢ વદ ચોથ, સંકટ ચોથ, ફ્રેન્ડશિપ ડે.

## સુવિચાર

જ્યાં શ્રદ્ધા હોય ત્યાં શક્તિ હોય, અને જ્યાં શક્તિ હોય ત્યાં સફળતા જરૂર મળે

પ્રાર્થના શબ્દોથી નહીં, પરંતુ શુદ્ધ હૃદયથી થાય છે

ઈશ્વર સુધી પહોંચવાનો સૌથી સરળ માર્ગ સેવા, પ્રેમ અને કરુણા છે